ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૬.૪ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૫૩ ટકા

ગાંધીનગર તાપમાન

# ખેલૈયાઓ દાંડીયાના ટેટુ સાથે ધુમ મચાવશે




ગાંધીનગર, તા. ૯
નવલી નવરાતને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. નવરાત્રીની છેલ્લી ઘડીની તૈયારીઓ પૂર્ણ કરવા ગરબા પ્રેમીઓ મથામણ કરી રહ્યા છે. ત્યારે ગરબા ગ્રાઉન્ડમાં ગરબે ઘુમવા થનગની રહેલા ખેલૈયાઓમાં ડ્રેસ, આભુષણો, મેકઅપ સાથે ટેટુનો પણ ક્રેઝ જોવા મળી રહ્યો છે. આ વર્ષે અલ્ટ્રા વાયલેટ અને રેડીયમ ટેટુ નવરાત્રીમાં ખેલૈયાઓ માટે આગવી ઓળખ ઉભી કરશે. જયારે ખેલૈયાઓ ગરબા મેદાનમાં ગરબે ઘુમશે ત્યારે રેડીયમ ટેટુ દુરથી ચમકી ઉઠશે. આ વર્ષે નવલી નવરાતમાં નવયુવાન ગરબા પ્રેમીઓમાં ટેટુનો ક્રેઝ જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં ઈન્ફોસીટી ખાતે કમીને પરીંદે નામની ટેટુની દુકાન ધરાવતા ભાર્ગવભાઈએ જણાવ્યું હતું કે આ વર્ષે નવરાત્રીમાં ટેમ્પરરી ટેટુનો ક્રેઝ ખૈલેયા વર્ગમાં વધુ જોવા મળી રહ્યો છે. જેમાં નવલી નવરાતમાં રૂ. ૧૦૦ થી માંડીને ૧૦૦૦ સુધીના વિવિધ અવનવા ટેટું તૈયાર કરાવે છે. જયારે કાયમી શરીર પર રહે તેવા ટેટુ મોંઘા પડે છે તો બીજી તરફ ખાસ નવરાત્રીને અનુલક્ષીને ગરબાપ્રેમી ભાઈ બહેનો દાંડીયા, બટરફલાય, સ્ટાર, ક્રિષ્ન, ગોપી, સહિતના ટેટુ હોટ ફેવરીટ છે. ખાસ કરીને મહિલાઓ બેકલેસ ચણીયા ચોળીની ફેશન હોવાથી પીઠ પર ટેટુ ચિતરાવવાનું વધુ પસંદ કરે છે. જયારે આ વર્ષે ગરબા ગ્રાઉન્ડમાં ગરબે ઘુમતા ખૈલેયાઓના ટેટુ દુર સુધી ચમકે તે માટે અલ્ટ્રા વાયલેટ અને રેડીયમ ટેટુ ઓન ડિમાન્ડમાં છે. નવરાત્રીમાં ખૈલેયાઓમાં ડ્રેસીંગની સાથે સાથે ટેટુનું પણ ખાસ આકર્ષણ જોવા મળે છે. ત્યારે ગરબા ગ્રાઉન્ડમાં ગરબે ઘુમતા ખૈલેયાઓ અવનવા ટેટુ સાથે ગરબે ઘુમી માતાજીની શકિત અને ભકિતના પર્વની ઉજવણી કરશે.

## @ગાંધીનગર

● કલ્ચરલ ફોરમ દ્વારા પ્રથમ નોરતે સમીર રાવલ અને માના રાવલ ૭.૩૦ કલાકે ગરબાની રમઝટ બોલાવશે.

● શ્રી મહાકાળી માતાજી સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સે-૫ ખાતે શેરી ગરબા યોજાશે જેમાં રાકેશ બારોટ દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૨૧ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા ડી.જે. સાઉન્ડ સિસ્ટમ પર ગરબા રાત્રે ૮ કલાકે યોજાશે.

● સે-૭ શિવ શકિત નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા પૃથ્વીસિંહ વાઘેલા રાસ ગરબાની રમઝટ સે-૭-સી શિવશકિત મંદિર ચોક ખાતે બોલાવશે.

● સે-૩ ન્યુ નવરાત્રી સમિતિ દ્વારા સવારે ૯.૩૦ કલાકે શ્રીમતી મધુબેન દુષ્યંતભાઈ શ્રીમાળીના નિવાસસ્થાનેથી નીકળશે અને ઘટ સ્થાપન ૧૧ કલાકે કરાશે અને રાત્રે ૮.૩૦ કલાકે પંકજ કાપડીયા દ્વારા રાસ ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૧૩ લિંબચ ધામ ખાતે ૧૦ થી ૧૮ નવેમ્બર સુધી નવરાત્રી રાસ ગરબા મહોત્સવ યોજાશે અને ૧૦ ઓકટોબરના રોજ ૯.૧૫ કલાકે ઘટ સ્થાપન કરાશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આસો સુદ એકમના રોજ બપોરે ૧થી ૪ કલાક દરમિયાન શ્રીમતી ઉષાબેન ત્રિવેદી પ્લોટ નં. ૨૯૨/૨ સે-૧ ખાતે આનંદનો ગરબો યોજાશે.

## શહેરમાં ફ્રી ફેટ એનાલીસીસ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૯
માનવ શરીરમાં રહેલી ચરબીનું પ્રમાણ જાણી શકાય તે માટે શ્રીજી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧ ખાતે તા. ૧૫-૧૦-૧૮ના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન ફ્રી ફેટ એનાલીસીસ કેમ્પ યોજાશે. જેમાં ડો. સુશીલભાઈની સેવા પ્રાપ્ત થશે. ફ્રી ફેટ કેમ્પ ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા આયોજીત કરવામાં આવ્યો છે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છુક નગરજનોએ મો. ૯૬૬૨૦૦૧૫૬૪ પર સંપર્ક કરવો. તેમજ શહેરમાં વસતા વૈષ્ણવોએ મોટી સંખ્યામાં લાભ લેવા સંસ્થાના ઉપપ્રમુખ રસીકભાઈ ગાંધીએ અનુરોધ કર્યો છે.

## કડવા પાટીદાર સમાજ દ્વારા નવરાત્રી પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૯
ગાંધીનગર શહેરમાં દર વર્ષે જુદી-જુદી સંસ્થાઓ દ્વારા નવરાત્રી પર્વની ઉજવણી ખુબ ભકિતભાવ વાતાવરણમાં થાય છે. શકિતની આરાધનાનું પર્વ એટલે નવરાત્રી.. સમર્પણ, એકતા અને સ્નેહનું સંભારણું ગાંધીનગર શહેરમાં બિરાજમાન રાજ રાજેશ્વરી મા ઉમિયા માતાજીના ચાચર ચોકમાં આ વર્ષે પણ આપણી સંસ્થા દ્વારા નવરાત્રીનું આયોજન કરાયું છે. આ પવિત્ર પર્વ દરમિયાન ઉમિયા માતાજી સંસ્થાન સેકટર-૧૨ ગાંધીનગર ખાતે ઉમા-જગદંબાની આરાધના, પૂજા, અર્ચના, આરતી અને ગરબામાં પધારવા સૌ નગરજનોને સંસ્થાના પ્રમુખ દ્વારા અનુરોધ કરાયો છે.

## સિવિલમાં સર્જાયા ફિલ્મી દશ્યો

ગાંધીનગર, તા.૯
ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે બપોરના સુમારે અજીબો ગરીબ કિસ્સો બનવા પામ્યો હતો. જેમાં નવી બિલ્ડીંગના પાછળના ભાગે થી બાઈક પર સવાર ત્રણ યુવાનો પાંચમા માળે પહોંચી ગયા હતા. આ યુવાનો બાઈક લઈને એક પછી એક માળ પર જતા હોવાથી દર્દીઓને તેમજ મુલાકાતીઓને થ્રી ઈડીયટ પીકચરનો સીન યાદ આવી ગયો હતો. સિવિલના અંતરંગ સુત્રો તરફથી મળતી માહિતી મુજબ જયારે પાંચમા માળે સિક્યુરીટી ગાર્ડે બાઈક ઉભી કરાવી તો ત્રણ યુવાનોમાંથી



એક યુવાનને છાતીમાં દુખાવો થતો હોવાનું જણાવ્યું હતું. અને વોર્ડ તરફ લઈ ગયા હતા, પરંતુ યુવાન નોર્મલ લાગતો હતો અને આઈસીયુની પુછપરછ કરતા હતા. પરંતુ સિકયુરીટી ગાર્ડ દ્વારા થોડી વધુ કડકાઈથી પુછપરછ કરતા બે યુવાનો ઉભી પુંછડીયે ભાગી ગયા હતા. જયારે બાઈક ચાલક યુવાન પકડાઈ ગયો હતો. બાઈકને પાંચમા માળેથી નીચે ઉતારવામાં આવ્યું હતું. સિવિલ તંત્રના અધિકારીઓને પણ ખબર પડતા આવી પહોંચ્યા હતા.જયારે પોલીસને જાણ કરતા પોલીસના જવાનો પણ આવી પહોંચ્યા હતા અને બાઈક ચાલક યુવાનને લઈ ગયા હતા. પરંતુ આ અંગે હજુ સુધી પોલીસ સ્ટેશનમાં કોઈ ફરિયાદ નોંધાઈ નથી. પરંતુ આ ત્રણેય યુવાનો બાઈક લઈને કેમ ગયા તે તપાસનો વિષય છે. બાઈક ચાલક અચાનક આવી રીતે પાંચમા માળ સુધી પહોંચી જાય એટલે સિવિલની સલામતી સામે પણ મોટો પ્રશ્નાર્થ સર્જાય છે.

## ગુરુવારે પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગર માટેની ઓકટોબરની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૧૧મી ઓકટોબરના રોજ પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાડા ચાર કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ, સેકટર-૨૨, ગાંધીનગર ખાતે યોજાશે. સંસ્થાના તમામ પદાધિકારીઓને અચુક હાજર રહેવા પ્રવર મંત્રી રમણલાલ એમ. શ્રીમાળીએ જણાવેલ છે.

## સે-૨૧ અપના બજાર પાસે નવરાત્રી યોજાશે

નવરાત્રી પર્વ દરમિયાન સેકટર-૨૧ અપના બજાર પાસે અંબાજી મંદિર નવરાત્રી ચોક ખાતે ડી.જે. સાઉન્ડ સીસ્ટમ ઉપર ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૨૧ નવરાત્રી ચોક ખાતે ગરબા ૪ વર્ષ બાદ શરુ કરવામાં આવ્યા છે. તો નવરાત્રી ચોક ખાતે આયોજીત ડી.જે.ગરબામાં પધારવા નગરજનોને અનુરોધ કર્યો છે.

## દિવ્યાંગો માટેના ખેલ મહાકુંભમાં સે-૧૬ અંધશાળાના ખેલાડીઓએ ૨૪ ઈનામો જીત્યા

ગાંધીનગર, તા.૯
ગાંધીનગરના સેકટર-૧૬માં અંધશાળા ખાતે દિવ્યાંગો માટે ખેલ મહાંુભ ૨૦૧૮ની જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ યોજાઈ હતી. આ પ્રસંગે રાજયના યુવા, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી ઈશ્વરસિંહ પરમાર, ગુજરાત ટુરિઝમના એમ.ડી. જેનુ દવેન, જિલ્લા રમતગમત અધિકારી વી.બી. દંતા, જિલ્લા રમતગમત સચિવ ડી.ટી. કાપડિયા તથા રોટરી કલબના હોદ્દેદારો, જૈન દિગંબર સમાજના ઉપપ્રમુખ નીતિનભાઈ શાહ, સર્વિસ એસોસિએશન ફોર બ્લાઈન્ડના પ્રમુખ વિરેનભાઈ જોષી મંત્રી જયંતિભાઈ પટેલ હાજર રહ્યા હતા.

દિવ્યાંગો માટેના ખેલ મહાકુંભને મંત્રી ઈશ્વરસિંહ પટેલે દિપ પ્રાગટય કરી ખુલ્લો મુકયો હતો. આ સાથે તેમણે દિવ્યાંગો અંગે મહ્ત્વની માહિતી પ્રદાન કરી હતી. આ સાથે તેમણે એશિયન ગેમ્સમાં મેડલ જીતેલા ગુજરાતના ખેલાડીઓને બિરદાવ્યા હતા. દિવ્યાંગો માટેના ખેલ મહાકુંભમાં ૧૫૦ દિવ્યાંગ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં દોડ, લાંબી કૂદ, ચક્ર ફેંક, ગોળા ફેંક, બરછી ફેંક જેવી રમતો રમાડવામાં આવી હતી. જેમાંથી ગાંધીનગર અંધશાળાના બાળકોએ ૨૪ જેટલાં ઈનામો પ્રાપ્ત કર્યા હતા.

## ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપનું આયોજન

ગાંધીનગર, તા.૯
ગાંધીનગર ડિસ્ટ્રિકટ માસ્ટર્સ એથ્લેટિકસ એસોસિએશન દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે કે આગામી તા. ૨૪ અને ૨૫ નવેમ્બર દરમિયાન જામનગર જિલ્લામાં જામજોધપુરના સિદસર ખાતે વીજાપુરા વિદ્યા સંકુલ ખાતે ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એથ્લેટિકસ ચેમ્પિયનશીપ યોજાશે. આ ચેમ્પિયનશીપમાં ગાંધીનગર જિલ્લાના ૩૫ વર્ષથી ૯૫ વર્ષ સુધીના પુરુષ-મહિલા ખેલાડીઓ પાંચ વર્ષના એજ ગૃપમાં દોડ, કૂદ તથા ફેંકમાં ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીએ તા. ૨૮મી ઓકટોબર સુધીમાં તેમના એન્ટ્રી ફોર્મ્સ કે.કે. પટેલ, પ્લોટ નં. ૭૬૮/૧, સે-૬/૭ની ચોકડી, નજીક સે-૭-બી ખાતે પહોંચાડવાના રહેશે. તેમનો મો.નં. ૯૮૯૮૬૧૬૮૦૮ છે. ખેલાડીઓના રહેવા જમવાની સગવડ આયોજકો દ્વારા પુરી પાડવામાં આવશે.

## જીટીયુ સંલગ્ન કોલેજો વધુ ફી ઉઘરાવતી હોવાનો એનએસયુઆઈનો આક્ષેપ

જીટીયુ સંલગ્ન સેલ્ફ ફાઈનાન્સ કોલેજો ફી કમિટી દ્વારા નિયત કરવામાં આવેલી ફી કરતા બે થી ત્રણ ગણી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી વસુલે છે. કોલજ સંચાલકો આ ફી કોસનમનીના નામે ઉઘરાવી ખુલ્લેઆમ લુંટ ચલાવી રહ્યા છે. જેમાં સાલ, સિલ્વર ઓક અને કલોલ ઈન્સ્ટટયુટ એન્ડ રીસર્ચ સેન્ટરના વિદ્યાર્થીઓ પાસેથી ડીપોજીટના નામે રૂપીયા ઉઘરાવી વ્યાજ ખાતી હોવાનો આક્ષેપ એનએસયુઆઈ દ્વારા કરવામાં આવ્યો છે. કોલેજોમાં કોસનમની નામે ચાલતો વેપાર બંધ કરાવવા માટે એનએસયુઆઈના અમિત પારેખ અને ગૌરાંગ મકવાણા વિદ્યાર્થી નેતાઓએ જીટીયુની ફી કમિટીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.




આ પ્રસંગે એનએસયુઆઈના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## જે.એમ. ચૌધરી સ્કૂલમાં બાળકોને આયુર્વેદનું જ્ઞાન અપાયું



ગાંધીનગર, તા.૯
ગાંધીનગરમાં સેકટર-૭માં જે.એમ. ચૌધરી સ્કુલ ખાતે સે-૨૨ના સરકારી આયુર્વેદ હોસ્પિટલના તબીબ ડૉ. ધરાબેન જાદવના વકતવ્યનો કાર્યક્રમ યોજાયો હતો. ડૉ. ધરાબેને બાળકોને રોજીંદી દૈનિક ક્રિયામાં આયુર્વેદનો ઉપયોગ કઈ રીતે કરી શકાય તથા બાળકોએ કેવી ટેવો અપનાવવી જોઈએ તે અંગે રસપ્રદ માર્ગદર્શન પુરું પાડયું હતું. આ કાર્યક્રમનો અંદાજે ૧૨૦૦ જેટલા બાળકોએ લાભ લીધો હતો.

## સે-૧ ઉબીમાં નવરાત્રિ મહોત્સવ રજતજયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૭
ગાંધીનગરના સેકટર-૧૩-બી ખાતે યોજાતો નવરાત્રિ મહોત્સવ રજત જયંતિ ઉજવવા જઈ રહ્યો છે. આ નિમિત્તે ભવ્ય નવરાત્રિ મહોત્સવ ઉજવવાનું વસાહત મંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે જે માટે નવરાત્રિ સમિતિના હોદ્દેદારોની પણ વરણી કરી દેવામાં આવી છે.

સેકટર-૧૩-બી પ્રાઈવેટ પ્લોટ વસાહત મંડળના નવરાત્રિ મહોત્સવને ૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે આયોજિત ભવ્ય નવરાત્રિ મહોત્સવમાં નવ દિવસ સુધી મા જગદંબાની આરાધના કરવામાં આવશે. આ પ્રસંગે નવરાત્રિ મહોત્સવ સમિતિના પ્રમુખ પદે ઠાકોરભાઈ શેઠ, ઉપપ્રમુખ પદે ગણપતસિંહ, મંત્રી પદે દિનેશભાઈ પંચાલ અને કોષાધ્યક્ષ પદે દશરથભાઈ પ્રજાપતિની નિમણુંક કરવામાં આવી છે.

## મહર્ષિ તેજાનંદ સ્વામીની ૫૫૮મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૯
મહર્ષિ સ્વામી તેજાનંદ સેવા ટ્રસ્ટના ઉપક્રમે શ્રી તેજાનંદ સ્વામીની ૫૫૮મી પુણ્યતિથિ ગાંધીનગરમાં ઉજવવામાં આવી હતી.

શ્રી એમ.જી. શ્રીમાળી રચિત સ્વામીજીના ગુણાનુવાદની ભજન ઓડિયો સીડીનું વિમોચન કરવામાં આવ્યું હતું. કલાકાર દિપક શ્રીમાળી દ્વારા ભજન કિર્તન યોજાયા હતા. સંચાલન પ્રવિણભાઈ શ્રીમાળીએ કર્યુ હતું.

ઝીણાભાઈ દવે-પેથાપુર, ડૉ. પ્રવિણકુમાર જોષી-કડા, ભકિતપ્રસાદ શ્રીમાળી-કડી, એ.એમ. શ્રીમાળી-છનિયાર, પ્રવિણ ગાંધી-મહેસાણા, ભાનુભાઈ દવે-જોટાણા, બી.કે. શ્રીમાળી-વિરમગામે પ્રાસંગિક પ્રવચનોમાં સ્વામીજીના ગુણાનુવાદ અને નવીન કાર્યક્રમો યોજવા સૂચનો કર્યા હતા.

ગંગારામભાઈ શ્રીમાળીએ સ્વાગત પ્રવચન, સંસ્થાનો અહેવાલ મહામંત્રી એમ.જી. શ્રીમાળી તથા આભારવિધિ લાભશંકરભાઈ દવે-પેથાપુર દ્વારા કરવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. વણઝારા પીરાજી લક્ષ્મણજી, ઉ.વ. ૭૦
- સ્વ. લીલારામ કેવલરામ મુલાણી, ઉ.વ. ૬૪

# માતૃશકિતના મહાન પર્વ નવરાત્રીનો આજથી મંગલ પ્રારંભ



**સવારે શ્રેષ્ઠ મુર્હુતમાં ઘટસ્થાપન કરી માં ભગવતીની ઉપાસના આરાધના અને અનુષ્ઠાનના પર્વ નવરાત્રીનો વિધિવત શુભારંભ : આજે આદ્યશકિતના નવ સ્વરૂપો પૈકી શૈલપુત્રીનું પૂજન કરાશે**

ગાંધીનગર, તા.૯
આદ્યશકિત માં જગદંબાના માતૃશકિતના અખુટ ભંડાર સમા મહાન પર્વનો આજે આસો સુદ એકમ-બીજના સમન્વયે મંગલ પ્રારંભ થયો છે. અષ્ટ સિદ્ધી અને નવ નિધિની પ્રાપ્તિ અર્થે આ દેવી શકિત પર્વમાં મંદિરો તથા અનેક સ્વગૃહે માં ભગવતીની ઉપાસના, આરાધના અને અનુષ્ઠાનનો વિધિવત રીતે મંગલ પ્રારંભ થશે. સવારે શ્રેષ્ઠ મુર્હુતમાં ઘટસ્થાપન કરી જપ-તપ-અનુષ્ઠાન અને વ્રતના સંકલ્પ લેવાશે. માં દુર્ગાના નવ સ્વરૂપોનું નવ દિવસ પૂજન-અર્ચન કરવામાં આવશે. જેમાં આજે પ્રથમ સ્વરૂપ એવા શૈલપુત્રીનું પૂજન કરાશે તો રાત્રીએ ચાચર ચોકમાં રોશનીથી ઝળહળા મંડપ અને આલીશાન શામીયાણામાં ગરબા અને રાસની રમઝટ સાથે આ ભવ્ય પર્વનો ઉમંગ હિલોળે ચડશે.

શકિત સ્વરૂપા માં જગદંબાના મહાન પર્વ નવરાત્રીના મંગલ પ્રારંભે પ્રથમ સ્વરૂપ શૈલ પુત્રી પૂજાય છે. પર્વત રાજ (શૈલરાજ)ના ત્યાં આ દેવીશકિતએ જન્મ લીધેલ જેથી તેમનું નામ 'શૈલ પુત્રી' પડયું હતું. માતાજીનું આ સ્વરૂપ નંદી નામના વૃષભ ઉપર સવાર છે અને જેમના હાથમાં ત્રિશુલ અને કમળ ધારણ કરેલું છે અને તેમને ત્રણે લોકના જીવસૃષ્ટિના રક્ષક માનવામાં આવ્યા છે. આજે આ સ્વરૂપના પૂજનથી સુખ-સમૃધ્ધિ અને સુવિધાની ઉણપ રહેતી નથી અને ધન ધાન્યથી સંપન્ન બની અનેક પ્રકારની સિધ્ધીઓ અને ઉપલબ્ધિઓ પ્રાપ્ત થાય છે. પ્રથમ સ્વરૂપને શુધ્ધ ઘીનો પ્રસાદ ધરાવવાથી આરોગ્ય સારું રહેવાના આશીર્વાદ પ્રાપ્ત થાય છે.

અખુટ શકિતના ભંડાર સમા આ મહાન પર્વમાં નવસ્વરૂપો, નવ દિવસ અને નવરાત્રીનો મંગલ ત્રિવેણી સંગમ રચાયછે. હિંદુ સંસ્કૃતિમાં નવ (૯)નો આંક પુર્ણ ગણાય છે અને નિર્ગુણનું પ્રતિક પણ છે. બ્રહ્માંડમાં ગ્રહો નવ, પ્રજા ઉત્પત્તિના મનુઓએ નવ, દીપ નવ, નવ નિધિઓ નવ રત્નો, નવ નાગ, નવ નાડી અને જીવનના રસ પણ નવ અને તેથી જ નવરાત્રી વ્રત ભગવાન વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા અને ઈન્દ્રએ પણ કરેલું હતું. શકિત પર્વ તરીકે ઉજવાતો આ દેવી પ્રસંગ નવરાત્રી માનવ જીવનના ઉત્કર્ષ માટે ખુબ જ મહત્વ ધરાવે છે જેમાં માં ભગવતીની શકિત એટલે 'શ' તે મંગલ ઐશ્વર્યકારક છે જયારે 'કિત' તે કૃતિ શબ્દમાંથી ઋકારનો લોપ થતા વધેલો હોઈ પરાક્રમ વાચી છે જેથી ઐશ્વર્ય અને પરાક્રમ ધારણ કરનાર માં દુર્ગા શકિત સ્વરૂપા તરીકે પૂજાય છે. શ્રધ્ધાળુઓ પુર્ણ ભકિતભાવથી દૈવી શકિતનું આ પર્વમાં પૂજન અર્ચન કરે છે તે ધન-ધાન્ય, પુત્ર લાભ અને અપાર સંપત્તિને પામે છે અને માતૃ શકિતની કૃપા પ્રાપ્ત કરી મોક્ષને પામે છે. જેથી આજે સર્વત્ર માં જગદંબાના પૂજન અર્ચનનો પ્રારંભ થશે.